# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date: 26-01-2025 Day: sunday Morning: 6.50 to 6.55 AM**

આકાશવાણી ભુજ સમાચાર **તૌફીક સમા** વાંચે છે.

---

## પ્રજાસત્તાક પરેડ:

સમગ્ર દેશ આજે 76મો પ્રજાસત્તાક પર્વ મનાવી રહ્યો છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ નવી દિલ્હીમાં કર્તવ્ય પથ પર આયોજીત ગણતંત્ર દિવસની ઉજવણીમાં પરેડની સલામી ઝીલશે. ગણતંત્ર પરેડ સવારે સાડા દસ વાગ્યે શરૂ થશે. ગણતંત્ર દિવસની પરેડમાં રાષ્ટ્રની સંસ્કૃતિ અને સૈન્યની તાકાત જોવા મળશે. ગણતંત્ર પરેડની શરૂઆત પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા સમર સ્મારક પર પુષ્પાંજલિ અર્પણ કરવાની સાથે થશે. ધ્વજારોહણ બાદ રાષ્ટ્રપતિ દ્રૌપદિ મુર્મુ માર્ચ પાસ્ટની સલામી ઝીલશે.પરેડમાં ઇન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિયાન્તો મુખ્ય અતિથિ હશે. દિલ્હી ખાતે ગણતંત્ર દિવસની ઉજવણીમાં ગામડાઓના સરપંચો, હસ્તકલા અને હાથવણાટ કારીગરો, સ્વ-સહાય જૂથના સભ્યો, સહિત 34 શ્રેણીઓમાં દસ હજાર ખાસ મહેમાનો ભાગ લેશે જેમાં કચ્છમાંથી પણ વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ આ ઉજવણીમાં સામેલ થશે.રાજ્યકક્ષાની ઉજવણી તાપી ખાતે યોજવામાં આવશે. આ પ્રસંગે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના હસ્તે અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં ધ્વજ વંદન સમારોહ કરવામાં આવશે. જ્યારે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ, ઉપાધ્યક્ષ, રાજ્યકક્ષાના મંત્રીઓ અને કલેક્ટરોના અધ્યક્ષ સ્થાને વિવિધ જિલ્લામાં ધ્વજ વંદન સમારોહ કાર્યક્રમ આજે યોજાશે.જિલ્લા કક્ષાની ઉજવણી નખત્રાણાના રામાણી ગ્રાઉન્ડે ખાતે યોજાશે. જિલ્લા કલેકટર અમિત અરોરાના હસ્તે ધ્વજ વંદન કરાશે. જિલ્લાની વિવિધ કચેરીઓ દ્વારા ટેબ્લો, દેશભક્તિની થીમ પર વિશેષ સાંસ્કૃતિક કૃતિઓની પ્રસ્તુતિ તથા પોલીસ વિભાગ દ્વારા માર્ચ પાસ્ટ પરેડ પણ યોજાશે. જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતો, નગરપાલિકાઓ, શાળા, કોલેજો અને જુદા જુદા સ્થળોએ આજે ધ્વજવંદનના કાર્યક્રમો યોજાશે.

-----------------------------------------------------------------------------------

## કેન્દ્ર સરકાર દ્વારા પુરસ્કાર ની ઘોષણા:

કેન્દ્ર સરકારે 76 માં પ્રજાસત્તાક દિનની પૂર્વ સંધ્યાએ 139 મહાનુભાવોને પદ્મ પુરસ્કારથી નવાજવાની ઘોષણા કરી છે જેમાં 7 વ્યક્તિઓને પદ્મ વિભૂષણ, 19 વ્યકિતઓને પદ્મ ભૂષણ અને 113 મહાનુભાવોને પદ્મશ્રી  આપવા જાહેર કર્યું છે. ગુજરાતમાંથી 8  મહાનુભાવોની પસંદગી થઈ છે. સંગીત ક્ષેત્રે કુમુદીની  લાખીયાને પદ્મ વિભૂષણ, વેપાર અને ઉદ્યોગ માટે પંકજ પટેલને પદ્મ ભૂષણ, રાજકોટ આકાશવાણીના નિવૃત્ત કેન્દ્ર નિયામક  તુષાર શુક્લ, લેખક ચંદ્રકાંત શેઠને મરણોપરાંત ,સમાજ સેવક સુરેશ સોની અને લવજી પરમાર, ચંદ્રકાંત સોમપુરા અને રતનકુમાર પરિમુને પદ્મશ્રી અપાશે. પુરસ્કાર વિજેતાઓમાં 23 મહિલાઓનો સમાવેશ થાય છે અને યાદીમાં વિદેશી એનઆરઆઇ, પીઓઆઇ, ઓસીઆઇ શ્રેણીના 10 વ્યક્તિઓ અને 13 મરણોત્તર પુરસ્કાર વિજેતાઓનો પણ સમાવેશ થાય છે.

---

## વીરતા પુરસ્કાર:

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ૭૬માં પ્રજાસત્તાક દિવસની પૂર્વસંધ્યાએ 93 વીરતા પુરસ્કારોની જાહેરાત કરી હતી. આમાં સશસ્ત્ર દળો અને કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળોના કર્મચારીઓનો સમાવેશ થાય છે, જેમાં 11 મરણોત્તર પુરસ્કારોનો સમાવેશ થાય છે. આમાં એક મરણોત્તર સહિત બે કીર્તિ ચક્ર, ત્રણ મરણોત્તર સહિત 14 શૌર્ય ચક્ર, એક સેના પદક, બાર વીરતા, સાત મરણોત્તર સહિત 66 સેના પદક, બે નૌકાદળ પદક અને આઠ વાયુસેના પદકનો સમાવેશ થાય છે. મેજર મનજીત અને નાયક દિલાવર ખાનને મરણોત્તર કીર્તિ ચક્ર એનાયત કરવામાં આવ્યું છે. કીર્તિ ચક્ર હિંમતવાન કાર્યો અને આત્મ-બલિદાન માટે એનાયત કરવામાં આવે છે.રાષ્ટ્રપતિએ સશસ્ત્ર દળો અને અન્ય કર્મચારીઓને 305 સંરક્ષણ સન્માનો એનાયત કરવાની પણ મંજૂરી આપી. આમાં 30 પરમ વિશિષ્ટ સેવા ચંદ્રકો, પાંચ ઉત્તમ યુદ્ધ સેવા ચંદ્રકો, 57 અતિ વિશિષ્ટ સેવા ચંદ્રકો અને 10 યુદ્ધ સેવા ચંદ્રકોનો સમાવેશ થાય છે.

---

## તટરક્ષક અને તત્રાક્ષક પદક :

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ 76મા પ્રજાસત્તાક દિવસની પૂર્વસંધ્યાએ ભારતીય કોસ્ટ ગાર્ડના કર્મચારીઓ માટે રાષ્ટ્રપતિ તટરક્ષક પદક અને તત્રાક્ષક પદકને મંજૂરી આપી છે. આ પુરસ્કારો કોસ્ટ ગાર્ડના કર્મચારીઓની ફરજ દરમિયાન તેમની બહાદુરી, ફરજ પ્રત્યેની અસાધારણ નિષ્ઠા અને વિશિષ્ટગુણવત્તાપૂર્ણ સેવાને માન્યતા આપે છે. રાષ્ટ્રપતિએ સશસ્ત્ર દળોના કર્મચારીઓને 58 ઉલ્લેખિત ડિસ્પેચને પણ મંજૂરી આપી, જેમાં ચાર મરણોત્તરનો સમાવેશ થાય છે. આ યાદીમાં ભારતીય સેનાના 55 સશસ્ત્ર દળના કર્મચારીઓના નામ શામેલ છે - ઓપરેશન રક્ષક માટે 14 જવાનોને મેડલ એનાયત કરવામાં આવ્યા હતા, જેમાં ચાર મરણોત્તર, ઓપરેશન સ્નો લેપર્ડ માટે આઠ, ઓપરેશન હિફાઝત માટે છ અને ઓપરેશન સહાયતા માટે બે સંરક્ષણ કર્મચારીઓનો સમાવેશ થાય છે.

-----------------------------------------------------------------------------------------